**KSKV KACHCHH UNIVERSITY, BHUJ-KACHCHH**

# ભાવપત્રક મંગાવવાની જાહેરખબર

## રેલવે ટિકિટ બુકિંગ માટે એજન્સી પાસેથી ભાવપત્રક મંગાવવા બાબત

કચ્છ યુનિવર્સિટીના કર્મચારીઓ તથા રમતગમત, યુવક મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સમયાંતરે ગુજરાત તથા ગુજરાત બહાર ભાગ લેવા જતા અંદાજીત ૬૦૦ વિદ્યાર્થીઓની મુસાફરી માટે રેલવે ટિકિટ બુકિંગ, કેન્સલેશન તથા રિફંડની સેવા પૂરી પાડવા અધિકૃત એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ભાવપત્રકનું ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ www.kskvku.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ભાવપત્રક સીલબંધ કવરમાં રજિસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભુજના નામે તા.૨/૧૧/૨૦૨૬ના રોજ કચેરી સમય સુધીમાં કચ્છ યુનિવર્સિટી જમા કરાવવાનું રહેશે. ભાવપત્રક સાથે ફી તથા EMD લાગુ રહેશે નહીં.

નોંધ: આ બાબતે અંતિમ નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીશ્રીની રહેશે.

તા. ૨૩-૧૦-૨૦૨૬

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

# રેલવે ટિકિટ બુકિંગ એજન્સી માટે

# ભાવ પત્રક

વર્ષ: ૨૦૨૬–૨૭

# એજન્સીની વિગતો

1. એજન્સી/પેઢીનું નામ: __________________
2. સંપૂર્ણ સરનામું: __________________
3. અધિકૃત વ્યક્તિનું નામ: __________________
4. મોબાઇલ નંબર: __________________
5. ઇ-મેઇલ: __________________
6. PAN નંબર: __________________
7. GST નંબર (લાગુ પડતો હોય તો): __________________
8. જો હોય તો IRCTC અધિકૃત એજન્ટશિપ/માન્યતાની વિગતો: __________________
9. જો હોય તો માન્યતાની મુદત: __________________
10. સંબંધિત કામગીરીના અનુભવની વિગતો: __________________

### જોડવાના દસ્તાવેજો

1. એજન્સીની નોંધણીનો પુરાવો. જો હોય તો.
2. લાગુ પડતી IRCTC અધિકૃત માન્યતાનો પુરાવો. જો હોય તો.
3. PAN કાર્ડની નકલ.
4. GST નોંધણી પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય.
5. ટેન્ડરમાં નિર્ધારિત અન્ય જરૂરી પ્રમાણપત્રો અને બાંહેધરી.

નોંધ :
ઉપરોક્ત તમામ વિગતોને સમર્થન આપતા જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલો ફરજિયાત રીતે જોડવાની રહેશે. જરૂરી દસ્તાવેજો રજૂ ન કરવામાં આવે અથવા માહિતી અધૂરી જણાય તો ટેક્નિકલ બિડ નામંજૂર કરવામાં આવશે.

તા.

ફર્મ/એજન્સીનું નામ : ____________________

અધિકૃતનું નામ- સહી અને ફર્મનો સિક્કો

# રેલવે ટિકિટ બુકિંગ એજન્સીની સેવા

૧. કામગીરીનો હેતુ

કચ્છ યુનિવર્સિટીના રમતગમતની સ્પર્ધાઓ તથા યુવક મહોત્સવ જેવા કાર્યક્રમોમાં સમયાંતરે ગુજરાત તથા ગુજરાત બહાર ભાગ લેવા જતા અંદાજીત ૬૦૦ જેટલા વિદ્યાર્થી અને સ્ટાફની ભાગીદારી, પસંદગી, મંજૂરી અને મુસાફરીની વિગતો અંતિમ સમયે નક્કી થતી હોવાથી રેલવે ટિકિટની તાત્કાલિક જરૂરિયાત હોય છે. રેલવે મુસાફરીની ટિકિટ સમયસર મળી રહે તે હેતુથી એજન્સીની સેવા મેળવવાની છે.

૨. કામગીરીની વિગત

એજન્સીએ યુનિવર્સિટીની અધિકૃત માંગણી મુજબ નીચેની સેવાઓ પૂરી પાડવાની રહેશે:

1. અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે રેલવે ટિકિટ બુકિંગ તથા રિઝર્વેશન.
2. આંતર-યુનિવર્સિટી તથા આંતર-કોલેજ રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા વિદ્યાર્થીઓ, ટીમ મેનેજરો અને કોચ માટે ટિકિટની વ્યવસ્થા.
3. યુવક મહોત્સવ, સાંસ્કૃતિક સ્પર્ધાઓ, શૈક્ષણિક પરિસંવાદો, સેમિનાર, વર્કશોપ, તાલીમ તથા અન્ય મંજૂર કાર્યક્રમો માટે મુસાફરીની ટિકિટ બુકિંગ.
4. કાર્યક્રમની મંજૂરી અથવા મુસાફરોની વિગતો મોડેથી મળવાથી ઊભી થતી તાત્કાલિક જરૂરિયાતમાં પ્રાથમિકતાથી બુકિંગની કાર્યવાહી.
5. ઉપલબ્ધ ટ્રેનો, બેઠકો, મુસાફરીના વર્ગો, ભાડાં તથા વૈકલ્પિક મુસાફરી વિકલ્પોની માહિતી આપવી.
6. ટિકિટ કેન્સલેશન, મુસાફરીની વિગતોમાં ફેરફાર અને રિફંડ માટેની કાર્યવાહી લાગુ રેલવે નિયમો મુજબ કરવી.
7. દરેક બુકિંગ બાદ ટિકિટ, PNR નંબર, મુસાફરીની તારીખ, ટ્રેનની વિગતો અને ચાર્જની માહિતી યુનિવર્સિટીને તાત્કાલિક પૂરી પાડવી.
8. બુકિંગ, કેન્સલેશન તથા રિફંડની વિગતોનો વ્યવસ્થિત રેકોર્ડ રાખવો અને માંગણી થાય ત્યારે રજૂ કરવો.
9. ઘણી વખત ટિકિટની ઉપલબ્ધતા તથા કાર્યક્રમની અંતિમ મંજૂરીને કારણે તાત્કાલિક બુકિંગ કરાવવાની જરૂર પડે છે. આવી પરિસ્થિતિમાં એક જ એજન્સી પર નિર્ભર રહેવાને બદલે, અધિકૃત અને પાત્ર એજન્સીઓનું એમ્પેનલમેન્ટ કરવાથી જરૂરિયાત મુજબ ઉપલબ્ધતા ધરાવતી એજન્સી મારફતે ટિકિટ બુકિંગ કરાવી શકાશે.

૩. તાત્કાલિક બુકિંગ

રમતગમતની સ્પર્ધાઓ, યુવક મહોત્સવ તથા અન્ય કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી માટે ટિકિટ તાત્કાલિક બુક કરાવવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે એજન્સીએ યુનિવર્સિટીની અધિકૃત સૂચનાનો સમયસર પ્રતિસાદ આપવાનો રહેશે. માંગેલી ટ્રેનમાં ટિકિટ ઉપલબ્ધ ન હોય તો અન્ય ઉપલબ્ધ વિકલ્પોની જાણ કરવાની રહેશે. ટિકિટની ઉપલબ્ધતા રેલવેના નિયમો અને વાસ્તવિક સ્થિતિને આધીન રહેશે.

૪. એજન્સીની પાત્રતા

1. એજન્સી પાસે લાગુ પડતી કાયદેસરની નોંધણી તથા જરૂરી અધિકૃતતા હોવી જોઈએ.
2. IRCTC દ્વારા અધિકૃત એજન્ટશિપ હોય તો તેનો માન્ય પુરાવો રજૂ કરવો.
3. PAN, GST નોંધણી (લાગુ પડતી હોય તો) વિગતો આપવી.
4. યુનિવર્સિટી માંગે ત્યારે જરૂરી પ્રમાણપત્રો અને અન્ય આધાર દસ્તાવેજો રજૂ કરવા.

૫. ભાવપત્રક રજૂ કરવાની પદ્ધતિ

1. ભાવપત્રક યુનિવર્સિટીની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરીને નિર્ધારિત ફોર્મમાં ભરવાનું રહેશે.
2. ભાવપત્રક ઉપર એજન્સીનું નામ, સરનામું, સંપર્ક નંબર અને અધિકૃત વ્યક્તિની સહી હોવી જોઈએ.

3. ભાવપત્રક તમામ જરૂરી દસ્તાવેજો સાથે સીલબંધ કવરમાં રજૂ કરવાનું રહેશે.
4. કવર ઉપર કામનું નામ સ્પષ્ટ લખવાનું રહેશે.
5. નિર્ધારિત છેલ્લી તારીખ અને સમય પછી મળેલ ભાવપત્રક અંગે યુનિવર્સિટી લાગુ નિયમો મુજબ નિર્ણય લેશે.
6. અધૂરાં અથવા જરૂરી દસ્તાવેજો વગરનાં ભાવપત્રકો અંગે યુનિવર્સિટી લાગુ શરતો મુજબ નિર્ણય લઈ શકશે.

૬. ભાવ અને સર્વિસ ચાર્જ

એજન્સીએ પ્રતિ ટિકિટ/પ્રતિ બુકિંગ વસૂલવામાં આવતો કમિશન અથવા સર્વિસ ચાર્જ સ્પષ્ટ દર્શાવવાનો રહેશે. રેલવેનું મૂળ ભાડું, અધિકૃત રેલવે ચાર્જ, એજન્સીનો સર્વિસ ચાર્જ તથા લાગુ પડતા કર અલગ દર્શાવવાના રહેશે. મંજૂર દર સિવાય કોઈ બિનઅધિકૃત ચાર્જ વસૂલ કરી શકાશે નહીં.

૭. બિલ અને ચુકવણી

દરેક બુકિંગ માટે ટિકિટ, PNR, મુસાફરોની વિગતો, લાગુ પડતા ચાર્જ અને જરૂરી આધાર દસ્તાવેજો સાથે બિલ રજૂ કરવાનું રહેશે. બિલની ચકાસણી અને સક્ષમ સત્તાધિકારીની મંજૂરી બાદ યુનિવર્સિટીના લાગુ નાણાકીય નિયમો મુજબ ચુકવણી કરવામાં આવશે.

૮. ટેન્ડર ફી અને EMD

આ ભાવપત્રક પ્રક્રિયા માટે ટેન્ડર ફી અને EMD લેવામાં આવશે નહીં.

૯. પસંદગીની પ્રક્રિયા

પ્રાપ્ત ભાવપત્રકોની પાત્રતા, અધિકૃતતા, દર્શાવેલા સર્વિસ ચાર્જ તથા અન્ય નિર્ધારિત શરતોની ચકાસણી કરવામાં આવશે. તુલનાત્મક પત્રક તૈયાર કરીને સક્ષમ સત્તાધિકારીની મંજૂરીથી પસંદગી કરવામાં આવશે. પાત્રતા અને તમામ લાગુ શરતો પણ ધ્યાનમાં લેવામાં આવશે.

૧૦. અંતિમ અધિકાર

યુનિવર્સિટીને લાગુ નિયમો અને મંજૂર શરતોને આધીન રહી ભાવપત્રક સ્વીકારવા, નામંજૂર કરવા, વધારાની માહિતી માંગવા અથવા પ્રક્રિયા રદ કરવાનો અધિકાર રહેશે.

૧૧. એજન્સીની બાંહેધરી

હું/અમે જાહેર કરીએ છીએ કે ભાવપત્રકમાં દર્શાવેલી માહિતી સાચી છે, જરૂરી દસ્તાવેજો માન્ય છે અને ઉપરોક્ત શરતો વાંચીને સ્વીકારીએ છીએ.

એજન્સીનું નામ: ____________________
અધિકૃત વ્યક્તિનું નામ: ____________________
સહી અને સિક્કો: ____________________
તારીખ:____________________________________

| રેલવે ટિકિટ બુકિંગ એજન્સીનું ભાવપત્રક | | |
|---|---|---|
| **ક્રમ** | **સેવાની વિગત** | **એજન્સીએ ભરવાની વિગતો** |
| 1 | રેલવે ટિકિટ બુકિંગ માટે પ્રતિ ટિકિટ સર્વિસ ચાર્જ | ₹ ________ |
| 2 | તત્કાલ ટિકિટ બુકિંગ માટે પ્રતિ ટિકિટ સર્વિસ ચાર્જ | ₹ ________ |
| 3 | ટિકિટ કેન્સલેશન માટે પ્રતિ ટિકિટ ચાર્જ | ₹ ________ |
| 4 | રિફંડની પ્રક્રિયા માટેનો ચાર્જ, જો લાગુ પડતો હોય | ₹ ________ |
| 5 | GST અથવા અન્ય લાગુ પડતા કરની વિગતો | ________ |
| 6 | અન્ય કોઇ ચાર્જ (વિગત સાથે) | ₹ ________ |

**નોંધ:** દરેક દરનો એકમ સ્પષ્ટ દર્શાવવો. રેલવેનું મૂળ ભાડું, અધિકૃત રેલવે ચાર્જ, એજન્સી કમિશન અને GST અલગ દર્શાવવાના રહેશે. રેલવેના નિયમો હેઠળ માન્ય ન હોય તેવા ચાર્જ સ્વીકારવામાં આવશે નહીં.

### કામગીરીની શરતો

1. ભાવ ભારતીય રૂપિયા (₹) માં દર્શાવવાના રહેશે.
2. દરેક સેવા માટેનો ચાર્જ અલગથી દર્શાવવાનો રહેશે.
3. કોઈ છુપાયેલો અથવા વધારાનો ચાર્જ સ્વીકાર્ય રહેશે નહીં, સિવાય કે અગાઉથી સ્પષ્ટ દર્શાવેલો અને મંજૂર થયેલો હોય.
4. એજન્સીએ રેલવે ટિકિટ બુકિંગ માટેની અધિકૃતતા/માન્યતા અંગેના પુરાવા રજૂ કરવાના રહેશે.
5. યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે જરૂરિયાત મુજબ સામાન્ય તથા તત્કાલ ટિકિટ બુકિંગની સેવા આપવાની રહેશે.
6. યુનિવર્સિટીની અધિકૃત માંગણી અને મંજૂરીના આધારે જ ટિકિટ બુક કરવાની રહેશે.
7. બુકિંગ કર્યા બાદ ટિકિટ તથા સંબંધિત રસીદ/દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.
8. કેન્સલેશન, ફેરફાર અને રિફંડની કાર્યવાહી લાગુ રેલવે નિયમો મુજબ કરવાની રહેશે.
9. એજન્સીએ યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત સમયગાળા મુજબ ટીકીટ બૂક કર્યા બાદ વિગતવાર બિલ અને આધાર દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. તે મુજબ ચૂકવણી કરવામાં આવશે.
10. ભાવપત્રક સીલબંધ કવરમાં નિયત તારીખ અને સમય પહેલાં જમા કરાવવાનું રહેશે.
11. પસંદગી લાગુ પડતા નિયમો અને સક્ષમ સત્તાધિકારીની મંજૂરી અનુસાર થશે.
12. એમ્પેનલમેન્ટ થવાથી કોઈ લઘુત્તમ બુકિંગની ખાતરી કે નિશ્ચિત કામની ફાળવણી ગણાશે નહીં. દરેક બુકિંગ વાસ્તવિક જરૂરિયાત, ટિકિટની ઉપલબ્ધતા, મંજૂર દરો અને લાગુ નાણાકીય નિયમોને આધીન રહેશે.

એજન્સીનું નામ: ____________________

અધિકૃત વ્યક્તિનું નામ: ____________________

સહી અને સિક્કો: ____________________ તા.____________________